# અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ દ્વારા તાલીમ

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી જીગ્નેશ મેવાણી (વડગામ)**

## અગ્રતાક્રમ – ૧૬

**પ્રશ્ન – ૧** અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા સાથેના કરાર અન્વયે **કયા કયા કોર્ષમાં કેટલા તાલીમાર્થીઓને તાલીમ** આપવામાં આવેલ હતી? **(શ્રી પ્રવિણભાઈ માળી – ડીસા)**

**પ્રશ્ન – ૨** વર્ષ: **૨૦૧૮-૧૯** તથા વર્ષ: **૨૦૧૯-૨૦માં** માં **કેટલા** અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને **તાલીમ** આપવામાં આવેલ હતી? **(શ્રી અનિકેતભાઈ ઠાકર – પાલનપુર)**

**પ્રશ્ન – ૩** અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાને સરકારશ્રીની **કઈ યોજના હેઠળ** કામગીરી સોંપવામાં આવેલ હતી અને **આ યોજના ક્યારથી** અમલમાં છે?

**પ્રશ્ન – ૪** અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા સાથેના કરાર અન્વયે સંસ્થાને **કુલ કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ** છે?

**પ્રશ્ન – ૫** અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા **કેટલા તાલીમાર્થીઓને તાલીમ** આપી અને **કેટલા તાલીમાર્થીઓની તાલીમ અધુરી** રહેલ છે? જો તાલીમ **અધુરી રહી હોય તો આપના દ્વારા શું પગલાં લેવામાં આવ્યા** છે?

**પ્રશ્ન – ૬** અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા **આપેલ લક્ષ્યાંક મુજબ કામગીરી કરેલ ન હોઈ,** અનુસૂચિત જાતિના લાભાર્થીઓ તાલીમ માટે **શું કાર્યવાહી કરવામાં આવી**?

**પ્રશ્ન – ૭** અદાણી સંસ્થાને જ **ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા વગર** શા કારણથી કામગીરી આપવામાં આવી?

# 16

**અનુસૂચિત જાતિના યુવક – યુવતીઓને અદાણી સ્કીલ ડેવલપમેનટ દ્વારા તાલીમ**

*** 15/4/1364 : શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કે તેના તાબા હેઠળની કચેરી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અદાણી સ્કીલ ડેવલપમેનટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને તાલીમ આપવા માટે કરાર કે હુકમ થયેલ છે તે હકિકત સાચી છે, | (૧) | હા, જી.<br>તા.૦૫/૦૩/૨૦૧૯ અને તા.૦૬/૦૮/૨૦૧૯ ના વર્ક ઓર્ડર આપેલ છે. |
| (૨) | જો હા, તો કુલ કેટલી રકમનો કરાર કરવામાં આવેલ છે અને તે અનવયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૨) | કુલ રૂ.૧૩.૯૮ કરોડ ના હુકમ કરવામાં આવેલ છે. તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંસ્થાને કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી. |
| (૩) | ઉક્ત કરાર કે હુકમ માટે ટેનડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) | ના, જી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિના કેટલા યુવક–યુવતીઓને તાલીમ આપવામાં આવી? | (૪) | વર્ષ ૨૦૨૨ : શૂન્ય<br>વર્ષ ૨૦૨૩ : શૂન્ય |

------------------

**પ્રશ્ન– (૧) :–અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા સાથેના કરાર અન્વયે કયા કયા કોર્ષમાં કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ હતી?**

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા અલગ અલગ **૬ કોર્ષમાં** કુલ **૬૫૦ તાલીમાર્થીઓને** તાલીમ આપવામાં આવેલ હતી. જેની વિગતો આ મુજબ છે:

**૧. બ્યુટી થેરાપીસ્ટ – ૨૫૬ તાલીમાર્થીઓ**

**૨. આસીસ્ટન્ટ ઇલેક્ટ્રીશીયન – ૩૦ તાલીમાર્થીઓ**

**૩. જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ – ૫૯ તાલીમાર્થીઓ**

**૪. પેડીક્યોરીસ્ટ અને મેનીક્યોરીસ્ટ – ૯૦ તાલીમાર્થીઓ**

**૫. સેલ્ફ એમ્પ્લોય ટેઇલર – ૧૩૫ તાલીમાર્થીઓ**

**૬. જી.એસ.ટી વીથ ટેલી – ૮૦ તાલીમાર્થીઓ**

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્નઃ– (૨) વર્ષ: ૨૦૧૮–૧૯ તથા વર્ષ: ૨૦૧૯–૨૦માં માં કેટલા અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ હતી?**

**જવાબઃ– માન. અધ્યક્ષશ્રી,**

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા **વર્ષ: ૨૦૧૮–૧૯માં અનુસૂચિત જાતિના ૧૪૭૭ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ હતી. તથા વર્ષ: ૨૦૧૯–૨૦માં અનુસૂચિત જાતિના ૩૮૫૦ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ હતી.**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન– (૩) અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાને સરકારશ્રીની કઇ યોજના હેઠળ કામગીરી સોંપવામાં આવેલ હતી અને આ યોજના ક્યારથી અમલમાં છે?**

**જવાબ :- માન.અધ્યક્ષશ્રી,**

- અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થાને સરકારશ્રીની **સંત શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજના** હેઠળ કામગીરી સોંપવામાં આપેલ હતી.

- આ યોજના સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૮/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક:અજક/૧૦૨૦૧૦–ન.બા.૧૯–ગ થી યોજના અમલમાં છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન– (૪) :– અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા સાથેના કરાર અન્વયે સંસ્થાને કુલ કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે?**

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

અદાણી સ્કીલ ડેવલોપેમેન્ટ સેન્ટર સંસ્થાને,

વર્ષ:– ૨૦૧૯–૨૦માં કુલ ૧૨૦ તાલીમાર્થીઓ માટે **રૂ.૫૦.૦૦ લાખ** તથા

વર્ષ:– ૨૦૨૦–૨૧માં **રૂ.૭.૮૮ લાખ** ચુકવવામાં આવેલ છે.

આમ, સંસ્થાને કુલ **રૂ.૫૭.૮૮ લાખ** ચુકવવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન– (૫) અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપી અને કેટલા તાલીમાર્થીઓની તાલીમ અધુરી રહેલ છે? જો તાલીમ અધુરી રહી હોય તો આપના દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે?**

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

- **વર્ષ: ૨૦૧૮–૧૯માં** અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થાને અનુસૂચિત જાતિના **૧૨૦ તાલીમાર્થીઓને તાલીમ** આપેલ હતી. **તેમજ વર્ષ: ૨૦૧૯–૨૦માં** અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થાને અનુસૂચિત જાતિના **૫૩૦ તાલીમાર્થીઓને તાલીમ** આપેલ હતી. ત્યારબાદ **કોવિડ–૧૯ મહામારી**ના કારણે તાલીમ વર્ગો બંધ થયેલ હોવાથી સંસ્થા આપેલ લક્ષ્યાંક મુજબ તાલીમ આપી શકેલ ન હતી.

  પરંતુ, સંસ્થા દ્વારા ૬૮૯ તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ ન કરેલ હોય સંસ્થાને ચૂકવવામાં આવેલ કુલ **રૂ.૫૭.૮૮ લાખ** સામે તેમના દ્વારા સરકારશ્રીમાં જમા કરાવેલ **રૂ.૨૪.૦૦ લાખની બેન્ક ગેરંટી** જપ્ત રાખેલ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન– (૬) અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા આપેલ લક્ષ્યાંક મુજબ કામગીરી કરેલ ન હોઈ, અનુસૂચિત જાતિના લાભાર્થીઓ તાલીમ માટે શું કાર્યવાહી કરવામાં આવી?**

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

- **વર્ષ: ૨૦૧૮–૧૯માં ભારત સરકારની EDII** સંસ્થા દ્વારા **૯૦૦ તાલીમાર્થીઓને તાલીમ** આપેલ હતી. તેમજ **વર્ષ: ૨૦૧૯–૨૦**માં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા **પ્રધાનમંત્રી દક્ષ યોજના** હેઠળ ભારત સરકાર તરફથી ગ્રાન્ટ મેળવી **EDII** સંસ્થા મારફતે અનુસૂચિત જાતિના **૩૩૨૦ તાલીમાર્થીઓને** તાલીમ આપવામાં આવેલ હતી.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન– (૭) અદાણી સંસ્થાને જ ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા વગર શા કારણથી કામગીરી આપવામાં આવી?**

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

- આ યોજના હેઠળ વર્ષ: ૨૦૧૭–૧૮ માં જીટકો મારફતે ઈ– ટેન્ડરીંગ પધ્ધતિથી ૧૫ એજન્સીઓ તથા ૩ સરકાર માન્ય એજન્સીઓ એમ કુલ ૧૮ એજન્સીઓ પસંદ કરેલ. **તાલીમાર્થી દીઠ** ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રિનીયોરશીપ(**MSDE**) દ્વારા નિર્ધારીત **સરેરાશ રૂ.૨૧,૬૦૦/–** ના દરે તાલીમ આપવામાં આવતી હતી.
- વર્ષ: ૨૦૧૮ માં સંજોગોવસાત આ કામગીરી મોકૂફ રાખવામાં આવેલ. પરંતુ અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓનું હિત જોતાં આ યોજનાની અમલવારી રાખવાની જરૂરિયાત જણાયેલ હતી.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર(**નફો નહિં કરતી (Non Profit))** સંસ્થાએ ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રિનીયોરશીપ(**MSDE**) હસ્તકની **નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન(NSDC) ની ભાગીદાર સંસ્થા** છે. તેમજ **12 રાજ્યોમાં તાલીમ વર્ગો** ધરાવતી હતી.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા **સમગ્ર ભારતમાં ભાગીદારો** ધરાવતી અને **ગુણવત્તાયુક્ત તાલીમ** સમગ્ર ભારતમાં પહોંચાડવાની **ક્ષમતા** ધરાવતી હતી. **અમદાવાદ, સુરત અને કચ્છ જિલ્લા ખાતે** તાલીમ વર્ગો પણ ચલાવતી હતી તેમજ **સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ ચલાવી 2500 થી વધુ ઉમેદવારોને અગાઉ તાલીમ આપી ચૂકેલ હતી**

- ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલોપમેન્ટ દ્વારા તેમજ અગાઉ ટેન્ડરથી પસંદ થયેલ સંસ્થાઓને આપેલ વર્કઓર્ડરના તાલીમ દર સેરેરાશ રૂ.૨૧,૬૦૦/- કરતાં અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સંસ્થાએ નેગોસીયેશન બાદ રૂ.૨૦,૦૦૦ ના દરે તાલીમ આપવાની તૈયારી દર્શાવી હતી.
- અદાણી ફાઉન્ડેશન દ્વારા વર્ક ઓર્ડર આપવાથી થનાર કુલ ખર્ચના **૨૫% રકમ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી(CSR) ફંડમાંથી વાપરવાની સંમતિ આપેલ હતી. તે અંતર્ગત તાલીમાર્થી દીઠ રૂ. ૧૫૦૦૦/- ખર્ચ થનાર હતો.**
- **તાલીમ દર ધ્યાને લેતાં અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને ગુણવત્તા યુક્ત તાલીમ તેમજ સરકારને તાલીમ પેંટે દર તાલીમાર્થી દીઠ રૂ. ૬૬૦૦/- ની બચત થતી હતી.**

આમ, **સરકારશ્રીના ઓછા ખર્ચે વધુમાં વધુ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને લાભ આપી શકાય તે આશયથી અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાની ઉપરોક્ત ક્ષમતાઓને ધ્યાને લઈ સંસ્થાને વર્ષ:- ૨૦૧૮-૧૯માં રૂ. ૧૯૮.૦૦ લાખના ખર્ચે ૧૩૨૦ તાલીમાર્થીઓને તાલીમ આપવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.**

મુખ્ય પેજ પર જવા માટે

# પૂરક નોંધ

**તારાંકિત પ્ર.ક.૧૩૬૪** **માન. ધારાસભ્યશ્રી શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ)**

રાજ્યમાં ચાલતા વ્યાપાર વાણિજય તથા ઉદ્યોગોમાં અને આધુનિક યુગમાં ઉભા થતા નવા ક્ષેત્રો જેવા કે ઓટોમોબાઈલ્સ, બાંધકામ, માહિતી અને પ્રૌદ્યોગિક (આઈ.ટી.), બી.પી.ઓ., રીટેઈલ મેનેજમેન્ટ, કૃષિ અને અન્ય વ્યવસાયો માટે જરૂરી માનવ બળ પુરુ પાડવાના શુભ આશયથી અનુસૂચિત જાતિના રોજગાર વાચ્છુક યુવક–યુવતીઓને જુદા જુદા હુન્નરોની તાલીમ આપી રોજગારી પુરી પાડવાના હેતુથી **સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૮/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક:અજક/૧૦૨૦૧૦–ન.બા.૧૯–ગ** થી યોજના અમલમાં છે.

આ યોજના માટે વર્ષ ૨૦૧૦–૧૧માં સંસ્થા પસંદગીનું કાર્ય આદિજાતિ વિકાસ વિભાગની ડી– સેગને સોંપવામાં આવેલ હતું. ડી–સેગ દ્વારા ઈ–ટેન્ડરીંગથી સંસ્થાની પસંદગીની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૧ જુદી જુદી સંસ્થાઓ અને ૦૨ સરકારી સંસ્થાઓ દ્વારા ૩૦ પ્રકારના જુદા જુદા કોર્ષોની તાલીમ અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે આપવામાં આવતી હતી. તા.૦૯/૦૭/૨૦૧૨ની પ્રોજેકટ મેનેજમેન્ટની કમિટીમાં ઉપરોકત ત્રણ જિલ્લા સિવાય અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ૧૫ જિલ્લાઓમાં પણ તાલીમ કેન્દ્રો શરૂ કરવા માટેની મંજુરી આપવામાં આવેલ છે. આ સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨ થી ૨૦૧૬–૧૭ સુધીમાં અનુસૂચિત જાતિના કુલ ૪૭૯૧૫ના લક્ષ્યાંક સામે ૩૮૧૮૩ તાલીમાર્થીઓને તાલીમ આપેલ છે.

વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૦૯/૦૪/૨૦૧૭ના રોજ વર્તમાન પત્રોમાં જાહેરાત આપી. સરકાર માન્ય જીટકો સંસ્થાના ટેકનીકલ સપોર્ટથી ઓનલાઈન ટેન્ડરની પ્રક્રિયા કરી તાલીમાર્થી દીઠ સરેરાશ રૂ.૨૧,૬૦૦/– ના દરે ૧૫ સંસ્થાઓની પસંદગી કરી તા.૦૫/૧૦/૨૦૧૭ના રોજ વર્કઓર્ડર આપવામાં આવેલ. આ ઉપરાંત ભારત

સરકાર માન્ય ૦૩ સંસ્થાઓ (૧) ઈન્ડો જર્મન ટુલ્સ, (૨) સી–પેટ અને (૩) સી–ડેક એમ ૦૩ સંસ્થાઓને વર્કઓર્ડર આપવામાં આવેલ. આમ, વર્ષ ૨૦૧૭–૧૮માં કુલ–૧૮ સંસ્થાઓની પસંદગી કરવામાં આવેલ. આ સંસ્થાઓ દ્વારા **વર્ષ ૨૦૧૭– ૧૮માં** અનુસૂચિત જાતિના કુલ **૯૨૨૫** તાલીમાર્થીઓના **લક્ષ્યાંક** સામે **૬૩૫૯** તાલીમાર્થીઓને અને **વર્ષ ૨૦૧૮–૧૯માં** અનુસૂચિત જાતિના કુલ **૧૩૭૭૫** તાલીમાર્થીઓના **લક્ષ્યાંક** સામે **૪૫૭** તાલીમાર્થીઓને તાલીમ આપેલ છે.

**વર્ષ:૨૦૧૮માં** સંજોગોવસાત સદરહું કામગીરી મોકૂફ રાખવામાં આવેલ હતી. પરંતુ અનુસૂચિત જાતિના ઉમેદવારોનું હિત જોતાં આ યોજનાની અમલવારી રાખવાની જરૂરિયાત જણાયેલ હતી. આ સમયગાળા દરમ્યાન **વર્ષ:૨૦૧૮**માં અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાની અનુસૂચિત જાતિના ઉમેદવારોને તાલીમ આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

**આ દરખાસ્ત વિગતવાર ચકાસતાં નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ હતી–**

- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાએ અદાણી ફાઉન્ડેશનની **CSR(કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી) પાંખ** છે.
- અદાણી ફાઉન્ડેશન ભારતના લગભગ **12 રાજ્યોમાં અસ્તિત્વ** ધરાવતી હતી.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થા **અમદાવાદ, સુરત અને કચ્છ જિલ્લા ખાતે** તાલીમ વર્ગો ચલાવતી હતી.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાએ, **સમગ્ર ભારતમાં ભાગીદારો** ધરાવતી હતી અને **ગુણવત્તાયુક્ત તાલીમ** સમગ્ર ભારતમાં પહોંચાડવાની **ક્ષમતા** ધરાવતી હતી.
- અદાણી ફાઉન્ડેશન 2012 થી તેના ટ્રસ્ટ, અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાદ્વારા **સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ ચલાવી 2500 થી વધુ ઉમેદવારોને અગાઉ તાલીમ આપી ચૂકેલ હતી.**

➢ અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાએ ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રિનીયોરશીપ(**MSDE**) હસ્તકની **નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન(NSDC) ની ભાગીદાર સંસ્થા** છે.

➢ અદાણી ફાઉન્ડેશનએ **નફો નહિં કરતી (Non Profit) સંસ્થા** હોવાથી તથા અદાણી ફાઉન્ડેશન દ્વારા વર્ક ઓર્ડર આપવાથી થનાર કુલ ખર્ચના **૨૫% રકમ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી(CSR) ફંડમાંથી વાપરવાની સંમતિ આપેલ હતી. આથી સરકારને તાલીમ પેંટે થનાર કુલ ખર્ચના ૭૫% હિસ્સો જ ખર્ચ થનાર હતો.**

➢ આ ઉપરાંત, ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલોપમેન્ટ દ્વારા નક્કી થયેલ તાલીમ દર તથા અગાઉ ટેન્ડરથી પસંદ થયેલ સંસ્થાઓને આપેલ વર્કઓર્ડરના તાલીમ દર (સરેરાશ રૂ.૨૧,૬૦૦/-) કરતાં અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સંસ્થાએ (રૂ.૨૦,૦૦૦)ના દરે તાલીમ આપવાની તૈયારી દર્શાવી હતી.

➢ સંસ્થા દ્વારા આ તાલીમ દરમાં પણ **૨૫% રકમ (રૂ.૫૦૦૦/-) કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી(CSR) ફંડમાંથી** વાપરવાની સંમતિ આપેલ હોઈ સરકારશ્રીને ૭૫% લેખે એક તાલીમાર્થી દીઠ માત્ર રૂ.૧૫,૦૦૦/-તાલીમ ખર્ચ ભોગવવાનો થતો હતો. આમ, **સરકારશ્રીને એક તાલીમાર્થી દીઠ રૂ.૫૬૦૦/- સરકારી તિજોરી પર બોજ ઓછો થતો હતો.**

આમ, **સરકારશ્રીના ઓછા ખર્ચે વધુમાં વધુ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને લાભ આપી શકાય તે આશયથી અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સંસ્થાની ઉપરોક્ત ક્ષમતાઓને ધ્યાને લઈ સંસ્થાને વર્ષ:-૨૦૧૮-૧૯માં રૂ. ૧૯૮.૦૦ લાખના ખર્ચે ૧૩૨૦ તાલીમાર્થીઓને તાલીમ આપવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.** પરંતુ નાણાંકીય વર્ષની સમયમર્યાદા જોતાં અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થા દ્વારા **૧૨૦**

**તાલીમાર્થીઓને તાલીમ** આપેલ. ત્યારબાદ અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર સંસ્થાને **વર્ષ ૨૦૧૯–૨૦ માટે ૧૨.૦૦ કરોડના ખર્ચે ૮૦૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાની મંજૂરી આપેલ.**

આ અંતર્ગત ગુજરાતના અલગ–અલગ જિલ્લાઓમાં તાલીમ વર્ગો શરૂ કરેલ. જે પૈકી **કુલ ૫૩૦ તાલીમાર્થીઓને પૂર્ણ તાલીમ** આપેલ છે અને **કોવિડ–૧૯ પરિસ્થિતિના કારણે કુલ ૬૮૯ તાલીમાર્થીઓની તાલીમ અધૂરી** રહેલ છે. આ કામગીરી માટે અદાણી સ્કીલ ડેવલોપેમેન્ટ સેન્ટર સંસ્થાને **વર્ષ ૨૦૧૯–૨૦માં** તા.૨૩/૦૧/૨૦૨૦ના આદેશથી **રૂ.૫૦.૦૦ લાખ** ચુકવવામાં આવેલ અને **વર્ષ ૨૦૨૦–૨૧માં** તા.૦૫/૦૨/૨૦૨૧ના આદેશથી **રૂ.૪.૮૯ લાખ** તથા તા.૧૯/૦૩/૨૦૨૧ના આદેશથી **રૂ.૨.૯૮ લાખ** ચુકવવામાં આવેલ છે.

આમ, અદાણી સ્કીલ ડેવલપમેન્ટ, અમદાવાદ સંસ્થાને **કુલ ૫૭.૮૮ લાખ ચુકવવામાં આવેલ છે**. પરંતુ, સંસ્થા દ્વારા ૬૮૯ તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ ન કરેલ હોય તેમના દ્વારા અત્રેની કચેરી ખાતે જમા કરાવેલ રૂ.૨૪.૦૦ લાખની બેન્ક ગેરંટી જપ્ત કરેલ છે.

## ટેબલ– અદાણી સંસ્થા દ્વારા આપવામાં આવેલ તાલીમ તથા ચૂકવેલ રકમની વિગત

<table>
<tr><th>વર્ક ઓર્ડર વર્ષ</th><th>લક્ષ્યાંક</th><th>કરારની રકમ (રૂ.લાખમાં)</th><th>ચૂકવેલ રકમ (રૂ.લાખમાં)</th><th>કુલ પ્રવેશ પામેલ તાલીમાર્થી</th><th>તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થી</th><th>તાલીમ અધૂરી રહેલ તાલીમાર્થી</th></tr>
<tr><td>૨૦૧૮–૧૯</td><td>૧૩૨૦</td><td>૧૯૮.૦૦</td><td>૦</td><td>૧૨૦</td><td>૧૨૦</td><td>૦</td></tr>
<tr><td rowspan="2">૨૦૧૯–૨૦</td><td rowspan="2">૮૦૦૦</td><td rowspan="2">૧૨૦૦.૦૦</td><td>વર્ષ ૨૦૧૯–૨૦<br>૫૦.૦૦</td><td rowspan="2">૧૨૧૯</td><td rowspan="2">૫૩૦</td><td rowspan="2">૬૮૯</td></tr>
<tr><td>વર્ષ ૨૦૨૦–૨૧<br>૦૭.૮૮</td></tr>
</table>